## Recitation of Ana(n)t Akhādo over 40 days

## Day 13

આશાજી રખીસરને ઘેર તે હુરાં આવે. તે નીત નીત દુઆરમાંહે
કન્શે રાજજી;
વરત લઈ ખુરાકજ આલે, ધન ધન રખીસર અવતાર. હરી. (૧૫૧)

આશાજી દેવ સભા તે રખીસર ઘેર આવે, તે આવે અણુત અખાડોજી;
કલજુગના રખીસર ઉત્તમજ કહીએ, જે આજ પાપમાંહેથી છુટા.
હરી૦ (૧૫૨)

આશાજી સહુ જુગથી કલજુગ ઉતમ, તે માંહે નરજી બેઠાજી;
નબી નુર આ જુગમાંહે આવ્યા, આવ્યા આદ અવતાર. હરી. (૧૫૩)

આશાજી ધરમ જુગ કીરતાર રચશે, પાપને દુર ચુકાવેજી;
સતજુગ કેરી વાતજ કહેવી, સતીયે સત ચલાયા. હરી૦ (૧૫૪)

આશાજી ખરા ખેટાના પારખાં થાશે, તમે મુનીવર ચેતીને ચાલોજી;
દશોંદ વીના મુળ ઉખડીને જાશે, જાશે તે ઘોર અંધાર. હરી. (૧૫૫)

આશાજી થુડ મેલી જો ડાળકું ધીઆવે, તે ડાળે ફુલ શું આવેજી;
થુડ સુકા તા ડાળ સુકી જાશે, જાશે તે ઘોર અંધાર. હરી. (૧૫૬)

આશાજી દીન દુનીયામાંહે ગુરજી કહીએ, કહીએ તે પીર હસન
કબીરદીન તેનું નામજી;
વારે કેરા પુરખ શ્રેવો, કરીયો મન આનંદ. હરી૦ (૧૫૭)

## Recitation of Ana(n)t Akhādo over 40 days

## Day 13 (Continued)

આશાજી નર અંતતારે નરજી આવ્યા, ગુર અવતારે ગુર સોહી હોવેજી;
માણુસ ફેરી શાહ દેવ કરશે, શાહુને કરતાં ન લાગે વાર.
હરી૦ (૧૫૮)

આશાજી ઉતમચંદની વાતજ કહીએ, ઉતમ કોણ જીવ કહાવેજી;
કયા કાચી પકાવીને ચાલો, તો પોહોંચો સરગ દુઆર હરી. (૧૫૯)

આશાજી પુરી કીરીઆ ધરમજ ગીરીઆ, એવો સોહી નરજી,
અહુંકારે વાદે કોઇ નહી તરીઆ પીર પેગમ્બર સોહી. હરી. (૧૬૦)

આશાજી તીલ એક અંહકાર કાજે, આવી લોઢાની ભીંતજી;
છ માસ લગણુ જળ ગુરે તોહોકંજ પહેર્યા, તારેં હુઆ દીન રહેમાન.
હરી. (૧૬૧)

આશાજી અહંકાર કારણુ રાવણુ માર્યો, દસ મસ્તકનો રાયજી;
લંકા જેસો કોટ ગમાયા, હુઓ સોહી હલાક. હરી૦ (૧૬૨)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)